# જીઆઈપીએસનાં બાળકોએ ઉજવ્યો રંગભર્યો 'ફ્લાવર ડે'



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા બુધવારના રોજ 'ફ્લાવર ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત વિવિધ ફૂલોના રંગ અને પ્રકાર તેમજ ફૂલોના મહત્વ વિષે વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી હતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૨થી ૫ની ૧૬ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. ધોરણ-૨માં તનિષ્કા કિરીટકુમાર રાવલ, ધોરણ-૩થી ૫માં પ્લક્ષા અતુલકુમાર પંડ્યા પ્રથમ, નૈયા સંજયકુમાર જાની દ્વિતીય અને રિયા હિતેષકુમાર જોષી તૃતિય ક્રમે વિજેતા બન્યાં હતાં. સમગ્ર શાળા પરિવાર વતી આચાર્ય નીરૂબેન પટેલે વિજેતા વિદ્યાર્થિનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



રાજ્ય સરકારના જિલ્લા યુવા વિકાસ અધિકારી કચેરી દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લાકક્ષાની રાસ-ગરબા સ્પર્ધા ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવી હતી. ગ્રામ્યકક્ષાએ પ્રાચીન ગરબા સ્પર્ધામાં ઓમ લૅન્ડમાર્ક સ્કૂલના વિદ્યાર્થીઓએ પ્રથમ ક્રમનું વિજેતા પદ મેળવ્યું હતું. સ્કૂલ દ્વારા વિજેતા સ્પર્ધકોને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### આદર્શ નિવાસી કન્યા શાળા, ગાંધીનગર ખાતે ઓલ ઈન્ડિયા વાડોકાઈ ડો કરાટે એસોસીએશનના સહયોગથી

# રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા કરાટે પ્રશિક્ષણ શિબિર





ગાંધીનગર, તા. ૧૯

ઓલ ઈન્ડિયા વાડોકાઈ ડો કરાટે એસોસીએશનના સહયોગથી રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા આદર્શ નિવાસી (કન્યા) શાળા, સે. ૮, ગાંધીનગર ખાતે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે તેમજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને ગુજરાત સરકારના મહત્વના પ્રોજેક્ટ "સ્ત્રી સશક્તિકરણ"ને પરિપૂર્ણ કરવાના ભાગરૂપે ૧૧ દિવસીય કરાટે શિબિરનો સોમવારના રોજ ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાની ૧૭૮ વિદ્યાર્થીનીઓ આ શિબિરનો લાભ લઈ રહી છે. ૧૧ દિવસના કરાટેના પ્રશિક્ષણ બાદ સંસ્થાની વિદ્યાર્થીનીઓ કરાટેનો ડેમો પણ આપશે.

આ પ્રસંગે AIWKAના ટેકનીકલ ડાયરેક્ટર અરવિંદભાઈ રાણાએ કરાટે પ્રત્યેક માનવ જીવનમાં કેટલું મહત્વ ધરાવે છે અને આના દ્વારા માત્ર શારિરીક જ નહીં પરંતુ માનસિક પણ કેટલો ફાયદો થાય છે તે અંગે વિદ્યાર્થીનીઓને માહિતગાર કરાવેલ. આ જ સંસ્થાના બ્લેક બેલ્ટ નિશા વાઘેલાએ કરાટેની ટેકનીક તેમજ કરાટે શીખવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. અંકુર પરમાર, મંત્રી પાર્થ ઠક્કર, ચાર્ટર પ્રેસી. જગતભાઈ કારાણી, જોઈન્ટ સેક્રેટરી હસમુખભાઈ મેકવાન, શાળાના આચાર્યા જ્યોતિકાબેન રાવલે ફિટનેશ સંબંધી પ્રસંગોચિત ઉદબોધન કરેલ. સંસ્થાના સદસ્ય સંજયભાઈ ખખ્ખર, આદર્શ નિવાસી શાળાના શિક્ષક મિત્રો, સ્ટાફ ગણ તેમજ અન્ય પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ. રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પબ્લીક રીલેશન હેડ જયશ્રી ખેતિયાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

# ખેલ મહાકુંભમાં જે બી સ્કૂલ ઝળકી




રાજ્ય સરકાર દ્વારા યોજાયેલા ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ રમતોમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ તાલુકા, જિલ્લા કક્ષાએ ઇનામો પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે.

ટેક્વોન્ડો સ્પર્ધામાં ધ્રુવ ધીરજભાઈ પ્રજાપતિએ જિલ્લામાં પ્રથમ, ૨૦૦મી દોડમાં મનોજ સુરેશભાઈ તરાલે જિલ્લામાં પ્રથમ, સ્કેટિંગમાં ઓમ ભાવેશભાઈ ભાવસારે તાલુકામાં દ્વિતીય, ચૅસની સ્પર્ધામાં ઋતુલ પલ્કેશભાઈ પટેલે તાલુકામાં તૃતિય, કબડ્ડીમાં મનોજ સુરેશભાઈ તરાલે તાલુકામાં તૃતિય તથા ખો-ખોની સ્પર્ધામાં તેજશ પ્રવીણભાઈ પટેલે તાલુકાકક્ષાએ તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

શાળા પરિવાર વતી આ સૌ વિજેતા ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## જન્મદિને વધામણી



કાંતિભાઈ એમ શર્મા
ફોટોગ્રાફર, ફિલાટેલિસ્ટ
મો. ૯૪૨૬૬ ૨૪૪૯૧



લીનાબેન દેસાઈ
લાયોનેસ ક્લબ



ખુશી એસ પટેલ



અયાન નિશાંત ઠાકર
મો. ૯૯૯૮૭ ૨૭૭૫૭



અક્ષર મયંકકુમાર જોષી

### ગણપત યુનિવર્સિટી સંલગ્ન યુ વી પટેલ કૉલેજ ઑફ ઍન્જિનીયરિંગના આંગણે

# રાષ્ટ્રકક્ષાનો બે દિવસીય ટૅકનીકલ સિમ્પોઝિયમ યોજાયો





ગણપત યુનિવર્સિટીની ફૅકલ્ટી ઑફ ઍન્જિનીયરિંગ ઍન્ડ ટૅકનોલૉજીના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ દ્વારા યુ વી પટેલ કૉલેજ ઑફ ઍન્જિનીયરિંગના આંગણે રાષ્ટ્રકક્ષાનો બે દિવસીય ટૅકનીકલ સિમ્પોઝિયમ 'કન્વર્ઝન્સ-૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેશની ૫૦ કરતાં વધારે કૉલેજના ૨૪૦૦ જેટલા ઍન્જિનીયરિંગના વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો અને પોતાની સર્જનાત્મક બુદ્ધિ-પ્રતિભા અને કૌશલ્યનું નિદર્શન કર્યું હતું. ૨૪૦૦ પૈકી ૧૨૮૦ જેટલા વિદ્યાર્થીઓ તો ગણપત યુનિ.ની યુવીપીસી ઍન્જિ. કૉલેજના જ વિદ્યાર્થીઓ હતા.

## ઈન્ડિયન ઓપિનિયનનો પ્રારંભ

ફિનિક્સમાં પહેલો અંક કાઢવો સહેલું ન નીવડ્યું. બે સાવચેતી મને ન સૂઝી હોત તો અંક એક અઠવાડિયું બંધ રહેત અથવા મોડો નીકળત. આ સંસ્થામાં એન્જિનથી ચાલનારા સંચા વસાવવાની મારી દાનત ઓછી જ હતી. જ્યાં ખેતી પણ હાથ વડે કરવાની હતી ત્યાં છાપું પણ હાથે જ ચલાવી શકાય એવાં યંત્રોથી ચાલે તો સારું એમ મનમાં હતું. પણ તે ન બને એવું આ વેળા લાગેલું, તેથી ત્યાં ઓઈલ-એન્જિન લઈ ગયા હતા. પણ આ તેલયંત્ર ખોટકે તો તે વેળાને સારુ કંઈક પણ બીજી કામચલાઉ શક્તિ હોય તો સારું એમ મેં વેસ્ટને સૂચવેલું. તેથી તેમણે હાથ વતી ચલાવવાનું એક ચક્ર રાખેલું, ને તે વતી મુદ્રણયંત્રને ગતિ આપી શકાય એમ કર્યું હતું. વળી છાપાનું કદ રોજિંદા પત્રના જેવું હતું. મોટું યંત્ર ખોટકે તો તે તુરત સમારી શકાય એવી સગવડ આ સ્થળે નહોતી. તેથી પણ છાપું અટકે. આ અગવડને પહોંચી વળવા કદ બદલીને સામાન્ય સાપ્તાહિક જેવડું રાખ્યું, કે જેથી અડચણ વેળાએ નાના યંત્ર ઉપર પણ પગ વતી થોડાં પાનાં કાઢી શકાય.

૧૫૦ ગાંધીયાત્રા

આરંભકાળમાં 'ઈંડિયન ઓપીનિયન' પ્રગટ કરવાના દિવસની આગલી રાતે તો સહુને ઓછોવતો ઉજાગરો થતો જ. પાનાંની ગડી વાળવાના કામમાં નાનામોટા બધા રોકાતા, ને કામ રાતના દશબાર વાગ્યે પૂરું થતું. પણ પહેલી રાત ન ભુલાય તેવી હતી. છાપવાનું ચોકઠું બંધાયું, પણ ઍંજિન ચાલવાની ના પાડે ! ઍંજિન ગોઠવવા અને ચલાવી દેવા એક ઈજનેરને બોલાવ્યો હતો. તેણે અને વેસ્ટે ખૂબ મહેનત કરી, પણ ઍંજિન ચાલે જ નહીં. સહુ ચિંતાયુક્ત થઈ બેઠા. છેવટે વેસ્ટ નિરાશ થઈ ભીની આંખે મારી પાસે આવ્યા ને કહે: 'હવે ઍંજિન આજે ચાલે તેમ નથી, અને આ અઠવાડિયે વેળાસર આપણે છાપું નહીં કાઢી શકીએ.' (ક્રમશઃ)



સૌજન્ય : સત્યના પ્રયોગો

### શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે સોનગઢમાં તાલીમ વર્ગોની શરૂઆત





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તાપી જિલ્લાના સોનગઢ તાલુકાની કૉલેજમાં ઑફિસ આસીસ્ટન્ટની પરીક્ષા માટેના વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા લેવાનારી આ પરીક્ષા માટે ૬૨ બહેનો તથા ૩૬ ભાઈઓએ ફોર્મ ભર્યાં છે, તેમને આ વર્ગોનો લાભ વિનામૂલ્યે આપવામાં આવી રહ્યો છે. સૌને સંસ્થા દ્વારા ભોજન પણ કરાવવામાં આવે છે. ૬ દિવસના અભ્યાસ દરમિયાન વિદ્યાર્થીઓને ૪૦૨ પાનાંનું સાહિત્ય આપવામાં આવ્યું હતું. કૉલેજ પરિવારના સંપૂર્ણ સહયોગ સાથે સમિતિના મિલિન્દ ગુપ્તે, શ્રુતિબેન, શિક્ષક સંદિપસિંહ, ઉર્મિલા ઝળકાટ અને અરવિંદસિંહ સેવા આપી રહ્યા છે.